# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-05-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગુજરાત સ્થાપના દિવસ શુભેચ્છા:

આજે ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાપના દિવસ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે બંને રાજ્યના લોકોને શુભકામનાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું હતું કે, ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાત સ્થાપના દિવસ-મુખ્યમંત્રી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને ગુજરાત ગૌરવ દિવસ'ની શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી પટેલે આજે પંચમહાલ જિલ્લાના ગોધરામાં ગુજરાતનાં સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ જિલ્લામાં 649 કરોડ રૂપિયાના 18 વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## સોઈલ હેલ્થ કાર્ડ :

કચ્છમાં રવિ પાકની ઋતુ દરમિયાન દસ તાલુકામાંથી 12 હજાર 570 સોઇલ હેલ્થ કાર્ડ યોજના અતર્ગત જમીનના સેમ્પલ લેવાયા હતા. જેનું પૃથ્થકરણ થઇ જતા સોઇલ હેલ્થ કાર્ડ વીતરણ કરવાની કામગીરી ચાલી રહી છે.

*સાંભળીએ એક વિશેષ અહેવાલ*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજ્યના ખેડૂતોના હિતાર્થે સોઇલ હેલ્થ કાર્ડ યોજના બનાવી હતી. સોઇલ હેલ્થ કાર્ડમાં જમીનનો પ્રકાર, જમીનમાં તત્વોની લભ્યતા, ફળદ્રુપતા અને તેમાં રહેલી ખારાશ વગેરેની માહિતી પ્રાપ્ત થાય છે. કચ્છમાં રવિ પાકની ઋતુ દરમિયાન દસેય તાલુકાઓમાંથી 12 હજાર 570 જમીનના સેમ્પલ લેવાયા હતા, જેમનું પૃથ્થકરણ થઇ જતા ક્રમશ: જિલ્લાના ખેડૂતો તેમની જમીનના સોઇલ હેલ્થ કાર્ડ વિતરણ કરવાની કામગીરી ચાલી રહી છે. વર્ષમાં બે વખત જમીનના સેમ્પલ લેવામાં આવે છે. આ સેમ્પલ એચસીએલ ભુજ, કલોલ, મોરબી અન ગઢશીશાની લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા હતા. દરેક લેબોરેટરીમાં દૈનિક અંદાજીત 50 સેમ્પલોનું વિસ્તૃત એનાલિસીસ કરી શકાય છે. ગામના ગ્રામસેકવ દ્વારા એકત્ર કરાયેલ સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ ગ્રામસેવક દ્વારા જ તે ખેડૂત સુધી પહોંચતો કરવામાં આવે છે.*

*નેહલ ઠક્કર, આકાશવાણી સમાચાર, ભુજ*

---

## કરોલ પીર મેળો:

નખત્રાણાથી 30 કિલોમીટર દૂર આવેલા કરોલપીર ગામે કોમી એકતાના પ્રતિક કરોલ પીરના ત્રિદિવસીય મેળામાં દોઢ લાખ જેટલા શ્રદ્ધાળુઓએ શીશ ઝુકાવ્યા હતા. ચાદરપોશી, કચ્છી પાવા તેમજ કચ્છી બખ મલાખડો માણવા દૂર દૂરથી મલાખડાના માણીગરો ઉમટયા હતા. ઉલ્લેખનીય છે કે કચ્છી સંસ્કૃતિને  ઉજાગર કરતા આ મેળામાં ગ્રામીણ મહિલા-પુરુષો

ભાતીગળ પોશાકમાં સજીને મેળો માણે છે.

---

## અંજાર નગરપાલિકા સામાન્યસભા:

અંજાર નગરપાલિકાની ત્રિમાસિક સામાન્યસભા પ્રમુખ વૈભવ કોડરાણીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. સામાન્ય સભામાં વિવિધ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. જેમાં અંજાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની અંગ્રેજી માધ્યમની શાળામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને રોબોટિક્સ અને એરો મોડાલિંગના વિષય શીખવવામાં આવશે. આ પ્રકલ્પ માટે રૂ. 14 લાખ 31 હજાર 500ના ખર્ચની જોગવાઈ કરાઈ છે. શહેરમાં વિવિધ વિકાસ કામો માટે સામાન્ય સભામાં નિર્ણય લેવાયા હતા.

---

## અટલ ભુજલ યોજના:

કચ્છ જિલ્લાની 14 ગ્રામ પંચાયતમાં અટલ ભૂજલ યોજના અંતર્ગતના 29 મોનિટરિંગ સ્ટેશનમાં ચાર મીટર અને તેની વધુ જેટલા ભૂગર્ભજળના સ્તર ઊંચા આવ્યાં હોવાનું તારણ તાજેતરમાં આ અંગેના થયેલા અભ્યાસમાં બહાર આવ્યું છે. જળસંપત્તિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે પ્રિ-મોન્સૂનમાં નવ સ્ટેશનમાં ચાર મીટર કરતાં વધુ, સાત સ્ટેશનમાં બેથી ચાર મીટર જેટલા અને 13 સ્ટેશનમાં શૂન્યથી બે મીટર જેટલા સ્તર ઊંચાં આવ્યાનું આ અભ્યાસમાં જણાયું છે.

---

## મજુર દિવસની ઉજવણી:

આજે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની કચ્છમાં વિવિધ સ્થળોએ ઉજવણી કરવામાં આવી રહી છે. ભુજ જથ્થાબંધ બજારમાં. ભુજ મજૂર કામદાર યુનિયન અને ભુજ મજૂર વેલ્ફેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં દેશના અર્થતંત્રમાં શ્રમિકના મહત્વ અંગે જાણકારી અપાઇ હતી.

---

## પેન્સનરોની હયાતીની ખરાઈ:

કચ્છના પેન્શનરોએ આગામી જુલાઇ મહિના સુધીમાં હયાતીની ખરાઇ કરાવી લેવાની રહેશે અને જો બેન્ક ખરાઇ અંગેનું ફોર્મ તિજોરીમાં જમા નહીં કરાવે તો પેન્શનરોના પેન્શનનું ઓગસ્ટ મહિનાથી ચુકવણું બંધ કરી દેવાશે. પેન્શનરોના જે બેન્ક શાખામાં ખાતું હોય તે શાખામાં જઇને નિયત નમૂનામાં ફોર્મમાં બેન્ક સત્તાવાળાઓની હાજરીમાં સહી કરીને હયાતીની ખરાઇ કરાવવાની હોય છે. આ વખતે બેન્કમાં પેન્શનર જોગ સંદેશ આપેલો છે તે પણ મેળવી લેવાનો રહેશે. પેન્શનરો પોતાની હયાતીની ખરાઇ જીવનપ્રમાણ પોર્ટલ પરથી અથવા તો મોબાઇલ એપ્લીકેશન મારફતે કરાવી શકે છે.

---

## માતાના મઢ-ગુરૂગાદી પુજન:

સેંકડો વર્ષોથી પરંપરા અનુસાર મઢ જાગીરના મહંત રાજા બાવા યોગેન્દ્રસિંહનાઅધ્યક્ષસ્થાને અખાત્રીજના દિવસે આચાર્ય મૂળશંકર વાસુ દ્વારા શાત્રોક્ત વિધિથી ગુરુ ગાદીનું પૂજન કરાયું હતું તેમજ મહંત તરીકે મઢ જાગીરના ગાદીપતિને 35 વર્ષ પૂર્ણ થતાં ગામલોકો તથા અનુયાયીઓ દ્વારા શુભેચ્છા પાઠવાઇ હતી.

---